# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૨૫ • તા.૦૧ થી ૦૭ ઓક્ટોબર ૨૦૨૨



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મુલુંડ દ્વારા સરસ્વતી સન્માન સાથે 'પાંજી ધરોહર'ની રજૂઆત કરાઈ




શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મુલુંડ કમિટી



શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મુલુંડ મહિલા વિભાગ કમિટી


DON'T
Compromise!
Portability Benefits Available
"HEALTH INSURANCE"
COMPARE, SCRUTINIZE & DECIDE
karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# માણસ માત્રમાં ઈચ્છાઓ-અપેક્ષાઓ ભરેલી છે

માણસ માત્રમાં ઈચ્છાઓ અને અપેક્ષાઓ ઠાંસોઠાંસ ભરેલી છે. આ કામનાઓ જેના લીધે તેનામાં સુખ વૃતિ પોષાય છે. દરેકનું જીવન ઈચ્છાઓનો ગુલદસ્તો છે. આ કંઈ એકલ દોકલ ઈચ્છાઓ નહીં પણ અઢળક કામનાઓ, અધૂરી અપેક્ષાઓ અને અન્ય પાસે રાખેલી વાંછનાઓ માણસને જીવતો રાખે છે. આજે નહીં તો કાલે આ અપેક્ષાઓ પૂર્ણ થશે એ તાકમાં ને તાકમાં માનવી જીવે છે. શ્વાસ લે છે. તદ્દન સામાન્ય ઈચ્છાથી લઈને અપેક્ષા બહારની ઈચ્છાઓ માનવીના મન-મગજમાં જીવે છે અને એના સહારે તે પોતે જીવે છે. આ અધૂરી અપેક્ષાઓને પૂરી કરવા માણસ સતત દોડતો, ભાગતો રહે છે. જો કોઈ ઈચ્છા જ ન હોય તો આ જીવન શુષ્ક થઈ જાય અને માનવી નિષ્ક્રીય બનીને એદીનો પીર બનીને સુષુપ્ત થઈ જાય. આમ ઈચ્છાઓ આપણને સમૃદ્ધ બનવા પ્રેરે છે, તો ઈચ્છાઓ ખરાબ પ્રવૃત્તિ ભણી પણ દોરે છે.

ઈચ્છાપૂર્તિ થવાની ભાવનાથી માણસ ચેતનવંત રહે છે, કાર્યશીલ અને ઉદ્યમી થાય છે. અત્યંત સામાન્ય વર્ગનો માનવી સમૃદ્ધિ શમણાં સેવતો જીવે છે. સુખની પાસે લટકતાં ગાજરની લાલચે દોડતો પ્રાણી હડિયાપટ્ટી કાઢે એવો તાલ એનો હોય છે. પોતાની જીવન કક્ષા ઊંચે આવે એવી અપેક્ષા સામાન્ય વર્ગના માનવી તો શું સમૃદ્ધવાન વ્યક્તિ પણ વધુને વધુ સમૃદ્ધિ ઝંખતો હોય છે. આ બધી અપેક્ષા ઈચ્છાઓના અભરખાને લીધે જ ઈચ્છાઓ અનંત છે. નાની હોય કે મોટી ઈચ્છાઓ માણસને સતત દોડતો રાખે છે. ઈચ્છાઓની પૂર્તિ થાય કે ન થાય પણ માણસ ઈચ્છાઓથી સદંતર મુક્ત જીવનના અંત સુધી થઈ શકતો નથી. આમ ઈચ્છાઓનો ભરડો માનવીની ઈર્દગિર્દ વીંટળાયેલો રહે છે. નાગચૂડની જેમ તેનો ભરડો જકડેલો હોય છે. ઈચ્છાઓ, અપેક્ષાઓ અનંત છે. જેમ સમુદ્રમાં આવતી લહેરો ગણાય નહીં એમ અપેક્ષા, ઉમ્મીદની ગણતરી ક્યારે પૂરી ના થાય. જેમ સાગરની તરંગ એક કિનારે પહોંચે તેની પાછળ પાછળ બીજી લાગો પાઠ આવી જાય. આ સિલસિલો સળંગ રહે છે. એની ગણતરી કોઈનાથી ન થાય અને ગણતરી કરે તો ક્યારે પૂર્ણાહૂતિ ન પામે એ તો અવિરત ચાલ્યા કરે.

ઈચ્છાઓનું મૂળ ક્યાં છે? એ કોઈનાથી શોધી શકાયું નથી. તે ક્યાંથી જન્મે છે અને ક્યાં વિરમે છે, એનો પણ તાગ મળતો નથી. જેમ રડતા નાના બાળકને તેની માતા પંપાળી શાંત કરવા મથે. તે ભૂખ્યો હોય તો તેની સુધા તૃપ્ત કરે કે અન્ય રીતે તેના રડવાનું પ્રયોજન શોધી તેને છાનો પાડે છે. એવું જ અતૃપ્ત મનનું છે. ઈચ્છાઓ, અપેક્ષાઓ કામનાઓનો અગ્નિ ભડભડતો હોય છે. કેમય કરીને એ શાંત ન થયો હોય, ઈચ્છાઓની અતૃપ્તિ તેને નિરાશ કરે છે. તેમ તેમ સમય જતાં એ વલખા મારી મારી જીવતો રહે છે. સતત ઈચ્છાપૂર્તિ માટે તનતોડ પ્રયાસ કરે છે. ઈચ્છાઓની તૃપ્તિ એના જીવનમાં વધુ સાહસ, વધુ શ્રમ કરવા પ્રેરે છે. નજીવી જેવી સફળતા મળે તો તેનાથી પ્રબળ ઝંખનાઓ જગાવી મહત્વાકાંક્ષા વધારી લક્ષ્ય ભણી દોટ મૂકે છે. સફળતાનો સ્વાદ તેને પ્રગતિશીલ બનાવે છે. આમ ઈચ્છાઓ, અપેક્ષાઓને લીધે જીવનને ગતિ પ્રગતિ મળે છે.

-જય જ્ઞાતિમૈયા

# સમય है બલવાન, નહીં મનુષ્ય બલવાન

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

સમયના ચક્ર સામે માનવી કેટલો કેવો પામર છે એ માર્ચથી આજ સુધીની પરિસ્થિતિ જોઈ સમજી શકાય છે પ્રકૃતિની ઉપર વટ જઈ કરાતું કર્મ કુદરત સાંખી શકી નહીં. સ્વાર્થ અર્થે વન, પર્યાવરણ, જલ સંપદાઓનો બેફામ ભોગવટો પ્રકૃતિ સાંખી શકી નહીં છૂટા વિચરતા નાના મોટા પ્રાણીઓના ઘરમાં ઘૂસપેઠ કરી ભાંગફોડ આદરી અતિક્રમણ કરનાર માનવજાતની સાનભાન આખરે ઠેકાણે લાવવા પોતાનું બ્રહ્માસ્ત્ર અજમાવ્યું ખરું

જન પ્રજા પોતાના ધંધા રોજગાર બંધ કરી ઘરે બેસી ગઈ. સારા નરસા પ્રસંગોમાં બેફામ ખર્ચા, બે લગામ ઉજવણી બંધ થઈ ગઈ. આકાશમા અંધારું થાય એટલે સૌ જંપે, આરામ કરે પણ ઉત્સાહમાં માનવ ઝાડ-ઝાંખરામાં આરામ કરતાં પક્ષીઓ, પ્રાણીઓની ફટાકડા ફોડી, ઝેરી ધુમાડા કાઢતી આતશબાજીથી તેમનું જીવન હરામ કરતી શૈલીથી નારાજ પ્રકૃતિ વધુ સાંખી ન શકી.

આ બધાં તર્ક આપણે કોરોના સંકટ આવ્યો એ પાછળ કરી શકીએ. સાચું કહીએ તો માનવજાતને કુદરતે ફટકો માર્યો છે એ આકરો છે, અસહ્ય છે, મરણ તોલ છે. આ આફતનો બોધપાઠ માનવજાત લે એનું વર્તન વર્તાવ સુધારે, કાર્ય શૈલી બદલે અને બેલગામ વર્તાવ ઉપર અંકુશ મૂકે. આ બ્રહ્માંડ માત્ર માનવ જાતે માટે નથી. નાના મોટા જીવજંતુને પણ જીવવાનો એટલો જ અધિકાર છે. જેટલો પોતાને માનવ જાતને છે. આ સંકટ વિચાર-વર્તન અને આચરણ પર અંકુશ મૂકી સુધારવાનો છે. આ માનવ જાતને મળેલી સજા છે એટલે આપણે પણ સુધરી જઈએ એ ઈચ્છનીય છે અને અન્ય નાનામોટા જીવજંતુ પ્રાણીઓ અને પક્ષીઓની કાળજી પરવા કરીએ.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'**
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**
**Whats App : 93222 57731**
**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મુલુંડ દ્વારા સરસ્વતી સન્માન સાથે 'પાંજી ધરોહર'ની રજૂઆત કરાઈ





દાતા પરિવાર : માતૃશ્રી કલ્પનાબેન ભવાનજી રાઘવજી લોડાયા પરિવાર તથા શ્રીમતિ નિતલ હીનેશ ભદ્રીચંદ લોડાયા પરિવાર







શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સર્વોદય મંડળ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓ માટે સરસ્વતી સન્માન કાર્યક્રમ રવિવાર તા. ૨૫ સપ્ટેમ્બરના બપોરે ૦૩.૦૦ વાગે ફ્રેંડ્સ સ્કૂલ ખાતેના વિશાળ સભા ખંડમાં ઉત્સાહપૂર્વક ઉજવાયો. પ્રોગ્રામની શરૂઆત માં પધારનાર સૌ વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશન બાદ સર્વે આમંત્રિત મહેમાનોને ચા પાણી/નાસ્તા દ્વારા આવકાર્યા હતા.

સમારોહની શરૂઆતમાં મંડળના પ્રમુખ શ્રી મયૂર મણિકાંત ધુલ્લાએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલા સર્વે જ્ઞાતિજનોને આવકાર આપ્યો હતો. ત્યારબાદ **''સરસ્વતી સન્માન''** કાર્યક્રમ ના સૌજન્ય દાતા જ્ઞાતિના મુલુંડ માં વસવાટ કરતા માતૃશ્રી કલ્પનાબેન ભવાનજી રાઘવજી લોડાયા પરિવાર તથા શ્રીમતિ નિતલ હીનેશ ભદ્રીચંદ લોડાયા પરિવાર તથા આમંત્રિત ત્રણે યુવા પ્રતિભા અને મંડળના પ્રમુખ મયૂર મણિકાંત ધુલ્લા અને ઉપપ્રમુખ યશોધન રાયચંદ કારાણી, મહિલા વિભાગ પ્રમુખ શ્રીમતી વિરાજ મયૂર ધુલ્લા અને ઉપપ્રમુખ લતા ભાગચંદ કારાણી દ્વારા શ્રી સરસ્વતી માતાજી, શ્રી મહાવીર સ્વામી ભગવાન અને જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરશી નાથાની છબીને માલ્યાર્પણ કરી દીપ પ્રાગટ્ય કરવાની વિધિ કરવામાં આવી

# શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મુલુંડ દ્વારા સરસ્વતી સન્માન સાથે 'પાંજી ધરોહર'ની રજૂઆત કરાઈ

હતી. નવકાર મંત્ર અને સરસ્વતી વંદનાનું પઠન કરવા માં આવેલ.

આ બંને સૌજન્ય દાતા પરિવાર ની જાણકારી મંડળ વતી રાજેન્દ્ર મુલચંદ ધુલ્લા અને તેજસ બંકીમચંદ લાલકાએ આપી હતી. ગત વર્ષની જેમ આ વખતે પણ મંડળ દ્વારા જ્ઞાતિની ત્રણ યુવા પ્રતિભા (૧) કુ. ધનિષ્ઠા ધરમશી - ઉ.વ. ૨૧-(પાવર લિફ્ટિંગ સ્પર્ધામાં ગોલ્ડ મેડાલીસ્ટ અને મહારાષ્ટ્ર રમત ગમત પુરસ્કાર ૨૦૨૨ વિજેતા) (૨) દેવ નિલય ધરમશી-ઉ.વ. ૨૨-(સૌરાષ્ટ્ર પ્રીમિયર લીગની ક્રિકેટ ટીમના સભ્ય) (૩) ધર્મિક સમીર ધરમશી - ઉ.વ. ૦૭-(રૂબિક ક્યુબ સ્પર્ધામાં ગોલ્ડ મેડાલીસ્ટ) ને આમંત્રણ આપી તેમની વિશેષ સિદ્ધિ બદલ બિરદાવવામાં આવ્યા હતા. આ ત્રણે આમંત્રિત યુવા પ્રતિભાઓની સિદ્ધિની જાણકારી મંડળ વતી નિશાંત સંજય નાગડા, પ્રેમ ગુલાબચંદ ચુરલા અને અનિક નરેન્દ્ર ધરમશી એ આપી હતી. આ ક્ષણે ત્રણે યુવા પ્રતિભા એ પોતાની કારકિર્દી ના ઘડતર દરમિયાન ના અનુભવો અને વડીલો તેમજ પરિવાર તરફ થી મળેલ પ્રોત્સાહન, સહકાર અને સમજની વાતો વાગોળી હતી. મંડળે ત્રણે યુવા પ્રતિભાઓના પરિવારોને મંચ પર બોલાવી

### અસલી ધમાલ



સંગીતશાસ્ત્રમેં સત ક ચોડો માત્રાવારે તાલકે ધમાલ ચેંતા. સે જ પાંજી ધમાલ.

ઈ નવાઈજી ગાલ ક ઘરમેં કોય ધમાલ કરે ત લોસૂં.

ને ડાંઢીયે રાંધમેં કોય ધમાલ કરે ત તાડીએંસે વધાયૂં. ઈનામ ડીઉં !

બ-બ જી જોડીમેં હી ધમાલ પાંજે અભડાસેજી હિકડી મરધાનગીવારી ડાંઢીયા રાંધ આય.

બેઉ બળિયા બાથે વળગ્યા ! જાણે બ બરૂકેં બેલીએં વિચ ગદા-યુદ્ધ થીએતો, એંડો સીનારિયો થીએ.

ધમાલજા ખેલાડી પિંઢ રુચેં ને નેરીંધલેકે પણ રુચાઇએં.

**ડોલર પ્રતાપ લોડાયા ● હંસકુમાર દામજી મૈશેરી ● કિરણ પ્રતાપ લોડાયા ● પ્રફુલ ટોકરશી સોની ● કીર્તિ પદમશી લોડાયા ● હીરાચંદ ઉમરશી છેડા ● તારિકા અને ભૂપેશ દામજી મોમાયા ● સ્મિતા અને સંદીપ નવીનચંદ્ર લોડાયા ● નૂતન અને જીજ્ઞેશ રમેશ મોતા ● તન્વી અને જીગર દિલીપ નાગડા**

### ત્રણ યુવા પ્રતિભાઓ



કુ. ધનિષ્ઠા ધરમશી-ઉ.વ.૨૧-(પાવર લિફ્ટિંગ સ્પર્ધામાં ગોલ્ડ મેડાલીસ્ટ અને મહારાષ્ટ્ર રમત ગમત પુરસ્કાર ૨૦૨૨ વિજેતા)



દેવ નિલય ધરમશી - ઉ.વ.૨૨
(સૌરાષ્ટ્ર પ્રીમિયર લીગની ક્રિકેટ ટીમના સભ્ય)




ધર્મિક સમીર ધરમશી-ઉ.વ.૦૭
(રૂબિક ક્યુબ સ્પર્ધામાં ગોલ્ડ મેડાલીસ્ટ)

# શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મુલુંડ દ્વારા સરસ્વતી સન્માન સાથે 'પાંજી ધરોહર'ની રજૂઆત કરાઈ

અભિનંદન આપેલ ત્યારે હાજર રહેલા જ્ઞાતિજનો એ તાળીઓ ના ગડગડાટ સાથે અભિવાદન કરેલ.

મંડળ દ્વારા આ વર્ષ ના સૌજન્ય દાતા પરિવારો અને યુવા પ્રતિભાઓ ને સુંદર સ્મૃતિચિન્હ ભેટ આપવામાં આવ્યા હતા. શૈક્ષણિક વર્ષ ૨૦૨૧ - ૨૨ દરમ્યાન વિવિધ અભ્યાસક્રમ ના બોર્ડમાં ધોરણ ૧ થી પોસ્ટ ગ્રેજ્યુએટ પરીક્ષામાં ઉચ્ચ ગુણાંક સાથે ઉત્તીર્ણ થયેલા ૪૬ બાળકો અને યુવાનો નું સર્ટિફિકેટ, મેડલ અને ભેટ દ્વારા સૌજન્ય દાતા પરિવાર ના હસ્તે બહુમાન કરવામાં આવ્યું હતું.

મંડળ ના સમાજલક્ષી કાર્ય ને આગળ ધપાવવા હાલ ના આગળ ધપાવવા મંડળના માનદ મંત્રી જીગ્નેશ કુંવરજી મોતા એ ''NEEV'' યોજના ની વિગતો ફરી એકવાર હાજર રહેલ જ્ઞાતિજનો સમક્ષ આપી હતી અને જેમ ટીપે ટીપે સરોવર ભરાય તેમ એક એક ''NEEV'' દ્વારા સમાજ ના ભવિષ્ય ના ઘડતર માં સહભાગી થવાની ફરી એકવાર હાકલ કરી હતી. જેનો સુંદર પ્રતિસાદ સૌજન્ય દાતા પરિવારો, હાજર મહાનુભવો અને જ્ઞાતિજનો તરફથી ''NEEV'' યોજના માં સરસ યોગદાન દ્વારા મંડળ ને પ્રાપ્ત થયો હતો. મહિલા વિભાગ દ્વારા ૩૪ મા વાર્ષિક કાર્યક્રમ ના અનુક્રમે કચ્છ ની સંસ્કૃતિ અને કલાનો સમન્વય સ્વરૂપ કાર્યક્રમ ''પાંજી ધરોહર'' રજૂ કરવામાં આવ્યો હતો.

શ્રી કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિ ના સમૃદ્ધ વારસો, પરંપરાગત આભૂષણ, સાંસ્કૃતિક નૃત્ય અને કચ્છીયત ની ઓળખ સમી હસ્તકળા નો સમન્વય એજ ''પાંજી ધરોહર''. આ કાર્યક્રમની શરૂઆત મહિલા વિભાગ પ્રમુખ શ્રીમતી વિરાજ મયૂર ધુલ્લા દ્વારા ''પાંજી ધરોહર'' ના સુંદર પરિચય સાથે કરી હતી. ત્યારબાદ પરંપરાગત આભૂષણ અને હસ્તકળા કાર્ય ની

## થાળી ડાન્સ



પાંજી લોકપરંપરામેં નૃત્ય ઈતરે ક નચેજો વડો મઇમા આય.

વરી ઓછે સાધનેમેં પણ કલા રજૂ કેજો કોય ગામડેજે માડૂ વટા છાલ ! સિખે.

તાડી-રાસ પોય થાડી-રાસ.

થારી ત મિણીજે ઘરમેં હૂએ જ.

ને હિન રાસમેં ખેલૈયા જિજા વેં ક ઓછા, જમાવટ થિઇ સગે.

થારીકે હથારીમેં રખી, હથજે લટકે ભેરી ઘુમાઈંધે ઘુમેંમેં તનકે ફિરાયણૂં, ને મનકે થીર રખણૂં ખપે.

ઈ પણ હિકડો યોગ જ આય.

અરે! છેલે કેરક હિકડો ખેલૈયો પણ આંગરીતે થારી રૂચાઈ, અભમેં ઉલારી પાછી આંગરીતે ખણી અચેજી કરામત વતાઈ, નેરીંધલેંકે મોજ કરાઈ સગે !

**છાયા ગુલાબ ધરમશી • ધારિણી દીપક ડાઘા • જલ્પા બ્રિજેશ નાગડા • લીના જય ખોના • ચાર્મી દીપ છેડા • વેનિકા ગૌરવ મેપાણી • ભૈરવી ભરત લોડાયા • શીતલ તેજસ પોલડીયા • ગીતા દૈલેશ મોમાયા • હિતલ દર્શક લોડાયા**

## ઢોલ રાંધ



ઢોલ કચ્છી માડૂજો માનીતો વાદ્ય.

નિંઢપણમેં ડબા ઠુકાઈ ઢોલ વજાયજી મોજ માણીધા વા, સે કીં ભુલાજે !

વીઆંવધાણા વે ક રાસ-ગુરબા, સામૈયો વે ક મલાખડો, ઢોલ વિગર મિડે અધૂરપ.

પ્રિસંગમેં ન રે મધુરપ.

ઓશો ચ્યાં વા ક 'નૃત્ય સે જિસકો ચાહ નહિ, ઉસકા વિશ્વાસ મત કરો.'

આઉં ચાંતો ક ઢોલતે ડાંઢી પોંધે ને જેંજો ધિલ નચણ ન લગે, ઈ માડૂ કચ્છી ત ન જ વે.

**તન્વી ડોલર શાહ (લોડાયા) • રિયા આકાશ દંડ • ચાર્મી ભૌમિક શાહ (લોડાયા) • કોમલ મેહુલ લોડાયા • મહેક જીજ્ઞેશ મોતા • સંભવી સમીર લોડાયા • શિવાની જીનેન મૈશેરી • અવની ગૌતમ ધરમશી • કિન્નરી સંકેત ધરમશી • પ્રાપ્તિ ભાવેશ ધરમશી • કિંજલ નિશિત ગોશર • રેશ્મા વિવેક શાહ (દંડ)**

# શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મુલુંડ દ્વારા સરસ્વતી સન્માન સાથે 'પાંજી ધરોહર'ની રજૂઆત કરાઈ

## ગજિયો



ગજીયો હિકડો શ્રમગીત આય.

કમ માડૂકે થકાઈ વિજે.

પણ ઇન કમકે કલાજે કામણસે જોતર્યો વે, ત કમ ફુટરો ભને.

ગજીયો ઇતરે ગજ (આસરે હિકડે મીટર) જે કપડે મિંજા ભનલ વઘો, ઇતરે ક વસ્ત્ર.

ગજીયો સિબીંધે સિબીંધે ગાવાજે, સે ગજીયો ! ગૈધર ભનાય સે ગજીયો ન.

**દીપા હિરેન નાગડા • કીર્તિ કિરીટ મૈશેરી • નીતા દેવેન્દ્ર ધરમશી • જલ્પા અમિત ડાઘા • પ્રિયા જીતેન્દ્ર ખોના • જાગૃતિ જનક ધરમશી • મીનલ નરેન્દ્ર છેડા • ભદ્રા દિલીપ લોડાયા**

## નવતાલી



સંગીતમેં તાલ ડિનેલા જીં તાલી વે, તબલા વિગેરે આઘાત ડીંધલ વાજિંત્ર વેં, તીં 'નવતાલી' રાસમેં ચોકસ ટેમતે પોંધલ તાડી ભેરો રાસ રમાજે.

નોં તાડીએં ભેરી પગજી ઠેંસ ને હથજા લટકા ઇન રાસકે નજાકતવારો ભનાઇયેં.

પાંજી કચ્છજી બાઇએંકે ત હી રાસ જાણે સુથીમેં મિલ્યો વે તીં, નિંઢપણનૂં જ અચીંધો વે.

**મનીષા મિતેશ લાલકા • હેતલ તુષાર મોતા • વર્ષા લક્ષ્મીચંદ લોડાયા • હર્ષા પ્રિતેશ લોડાયા • રશ્મિ ચેતન મૈશેરી • સીમા મનીષ ડાઘા • અવંતિકા જયચંદ મુનવર • જયશ્રી નવીન જૈન • ઈલાક્ષી મેઘ. ખોના • રીટા હિતેશ લોડાયા • પાયલ હેમાંગ મોતા • કવિતા હિતેશ મૈશેરી**

ઝલકનો સ્લાઇડ શો બતાવવામાં આવ્યો હતો અને આ ''પરંપરાગત હસ્તકળા'' હોલમાં પ્રદર્શનમાં રાખવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમને તમામ ડાન્સ ફોર્મેટમાં ભાગ લેવા માટે જબરદસ્ત પ્રતિસાદ મળ્યો હતો. મુલુન્ડ માં વસતા કિશોરો, યુવાનોથી લઈને વરિષ્ઠ જ્ઞાતિજનો એ પરંપરાગત સાંસ્કૃતિક નૃત્ય જેમકે નવ તાળી, થાળી નૃત્ય, ઢોલ રાંધ, ગજિયો અને ધમાલમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો અને આ યાદગાર પ્રદર્શન ને દરેક ના સ્મૃતિપટ પર અંકિત કર્યું હતું.

આ કાર્યક્રમમાં ખાસ આમંત્રિતો દ્વારા મટુકડીનું, મહિલા વિભાગ સમિતિના સભ્યો દ્વારા ગોફ નૃત્ય અને કારોબારી સમિતિ સભ્યો અને આમંત્રિતો દ્વારા ૧૨ દાંડિયા નૃત્ય નો વિશેષ આશ્ચર્યજનક પ્રદર્શન આવેલ સૌએ આનંદ માણ્યો હતો. જ્ઞાતિજનોએ રંગબેરંગી કચ્છી પરંપરાગત પોશાક માં મોટી સંખ્યામાં કાર્યક્રમમાં હાજરી આપી હતી અને લાંબા સમય ના જૂના સંસ્મરણો વાગોળ્યા હતા. બાદમાં સમગ્ર જ્ઞાતિજનોએ ઢોલના તાલે ગરબા અને દાંડિયા રાઉન્ડ રમ્યા હતા. સમારોહ અને સમાજ ની અગત્યતા સમજીને આદરણીય ધારાસભ્ય શ્રી મિહિર ચંદ્રકાન્ત કોટેચા એ સમારોહ માં હાજરી આપીને સમાજ ને બિરદાવ્યો હતો.

આ કાર્યક્રમમાં 700+ લોકો એ હાજરી આપી હતી. મંડળ ના ખજાનચી રોપીન જયચંદ નાગડા એ કાર્યક્રમને YouTube પર જીવંત પ્રસારણ કરવાની સુંદર વ્યાવસ્થા કરેલ અને વિશ્વભરમાં 5645+ વ્યૂઝ સાથે જબરદસ્ત પ્રતિસાદ મળ્યો. કાર્યક્રમ ને અંતે તમામ નૃત્યના સંયોજક અને સહભાગી થનાર દરેક જ્ઞાતિજનો ને સુંદર સ્મૃતિચિન્હ ભેટ આપવામાં આવ્યા હતા. સંદીપ લોડાયાએ આભારવિધિ કરી હતી. આ ઉલ્લાસ ભરી સાંજનું સમાપન ભલારા કેટરર્સ દ્વારા મોંમાં પાણી લાવી દે તેવી સ્વાદિષ્ટ ખાદ્ય વસ્તુઓ સાથે થયું હતું. અમે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સર્વોદય મંડળ તરફથી દરેક સભ્યો, દાતાઓ અને આ ઇવેન્ટને ભવ્ય સફળતા આપવા માં જેમણે ભૂમિકા ભજવી એ તમામ લોકોનો સહૃદયથી આભાર માની અને ભવિષ્યમાં પણ સતત સમર્થન અને પ્રોત્સાહન ની અપેક્ષા મંડળ રાખે છે એવી આશા વ્યક્ત કરાઈ હતી.

# સ્વાભિમાન સમિતિની વરિષ્ઠ વડીલજનોની ધનવંતરી યોજનાને મળી રહ્યો છે બહોળો આવકાર

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાળ જૈન મહાજનની સ્વાભિમાન સમિતિ ૬૫ વર્ષથી વધુ વયના જ્ઞાતિ ન વરિષ્ઠ વડીલો માટે રોજિંદી દવાઓના ખર્ચ માટે સહાયરૂપ થવા પ્રત્યેક વડીલને રૂા.એક હજાર માસિક ધોરણે આપવા માટે ધનવંતરી યોજના શરૂ કરી છે. ઉંમર અવસ્થાને લીધે શારીરિક, માનસિક તકલીફો, બિમારીના ઈલાજ સારવાર માટે ટેકણ લાકડી આપતી આ યોજનામાં વડીલ જ્ઞાતિજનો નિ:સંકોચપણે અરજી કરી નામ નોંધાવી રહ્યાં છે.

એવી જ રીતે ધનવંતરી યોજનાને ટેકો આપવા માટે ભંડોળ વૃધ્ધિ કાજે ઉદારદિલ દાતાઓ પોતાનો યથોચિત ફાળો આપી રહ્યાં છે જેથી સાધર્મિકોને દયા નહીં પણે સહાય આપી શકાય. રૂા.૪ લાખ ૧૧ હજાર એકસોનું ઉદાર અનુદાન આપી શેઠશ્રી હંસ બી.ખીમજી તેરા-માટુંગા, રૂા.૧ લાખ આપી હેમા ગુલાબ છેડા નલિયા બેગ્લોર, રૂા.૧ લાખનું અનુદાન આપી માતુશ્રી ધનબાઈ પ્રેમજી લોડાયા પરિવાર હ. રાજેશ પ્રેમજી લોડાયા-મોટી સિંધોડી-સાયન તથા રૂા.૫૦ હજારની સહાય રકમ નોંધાવી શ્રી રાયચંદ દેવશી મુનવર જીવાણી, જખૌ ડોંબિવલી ધનવંતરી સમર્થક તરીકે નામ યાદીમાં જોડાયા છે.

તે ઉપરાંત રૂા.૧૧ હજારનું ભંડોળ નોંધાવનાર ૧) શ્રી તેજપાલભાઈ ધરમશી, મુલુંડ ૨) શ્રી વીરચંદ એ. લોડાયા મુલુંડ ૩) શ્રી સુજીવ સોની ગદગ ૪) શ્રી મલ્લિકા એન. દંડ વડોદરા ૫) શ્રી મહેશ પી. ધરમશી ૬) મે. મંજુનાથ ટ્રેડર્સ બેંગલોર ૭) રૂા.૧૦ હજારનું અનુદાન આપી શ્રી મોતીચંદ ખોના મુલુંડ અને રૂા.૫૦૦૦નું દાન આપી. ૮) શ્રી પદમશીભાઈ નાગડા હુબલી તથા ૯) શ્રી કિશોરભાઈ રતાણી પુના દિવ્યાંગ સહાયક બનીને ઉદાર ભાવ દર્શાવ્યો છે. ત્રણ સમર્થક દાતાઓ અને નવ સહાયક દાતાઓની માનવતા, કરૂણા અને દયા ભાવનીની લઈ આભાર વ્યક્ત કરીએ છીએ.

## નાલાસોપારા સંઘમાં ગિરનાર તીર્થ ૯૯ યાત્રાનું આયોજન સાથે ધર્મ આરાધના થઈ

શ્રી નાલાસોપારા સંઘમાં શ્રી ગિરનાર તીર્થની પ્રતિકૃતિ બનાવી તેની ૯૯ યાત્રાનું આયોજન માતુશ્રી હિરાકુંવરબેન નાનજી ચાંપશી શાહ પરિવાર દ્વારા કરાયેલ. સંઘના શ્રાવક શ્રાવિકો ધર્મભાવ સાથે લાભ લીધો હતો.




# મેડિકલ સમિતિની સંજીવની યોજનામાં ડાયમંડ પેટ્રોન થનાર દાતાની અનુમોદના

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

### મેડિકલ સમિતિ - કેડીઓ સંજીવની

પરોપકારનો અર્થ છે બીજાઓની ભલાઇ કરવી.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત-જાત, પારકા કે પરાયા ના જોઇ બીજાનું ભલું કરવુ.
બીજાઓ માટે વ્યક્તિ કેટલું જીવી જાણ્યો એનાથી જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે.
અન્યોની મદદ માટે કરેલા અથાગ પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.

**આ સત્યને સાર્થક કરતા જ્ઞાતિના મહાનુભાવ...**



**હંસા શાહ**

કચ્છ, નલિયા - મુંબઇ, મહાલક્ષ્મી

**સંજીવની ડાયમંડ પેટ્રોન Rs. 1,00,000**

સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ દ્વારા સંચાલિત સંજીવની યોજના આકસ્મિત બિમારીમાં આપદામાં સપડાતા જ્ઞાતિજનોને માટે હેલ્પીંગ હેન્ડ બનતી યોજના અદ્‌ભૂત રીતે કામ કરી સફળતાના શિખરે છે. આ યોજનાની વિવિધ યોજનાઓમાંથી એકમાં રૂા.૧ લાખનું ઉદાર યોગદાન અર્પી સંજીવની ડાયમંડ પેટ્રોન તરીકે પોતાનું નામ જોડનાર દાતા હંસા શાહ નલિયા મુંબઈ મહાલક્ષ્મીએ દેવી માતાના પાવન નવરાત્રી પર્વ દિવસોમાં જ્ઞાતિ સમાજની નડતી સમસ્યાઓ, જરૂરિયાતોને માટે પોતાનું યોગદાન આપી સહકાર્ય કર્યું છે. જે અનુકરણીય પહેલ છે. દાતાની ઉદારતાની અનુમોદના કરીએ છીએ.

# ડોંબિવલી સંઘમાં શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની પુણ્યતિથિએ ગુરૂ ગુણ પૂજા થઈ









તા.૨૪ સપ્ટેમ્બર શનિવાર રોજ શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીના આંગણે પ.પૂ.સાધ્વીશ્રી ભાવગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં શાસન સમ્રાટ દેઢિયા રત્ન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ની ૩૪મી પુણ્યતિથિએ ગુરૂગુણ પૂજા ભણાવાઈ.

# શ્રી રચના મહિલા મંડળનો ૩૩મો વાર્ષિકોત્સવ યોજાયો



તા.૧૭ સપ્ટેમ્બર શનિવાર રોજે શ્રી રચના મહિલા મંડળનો ૩૩મો વાર્ષિક કાર્યક્રમ મીની ભગિરથી હોલ મુલુંડમાં યોજાયો. શરૂઆત નવકાર મંત્ર પઠનથી કરાઈ હતી. સૌએ એકબીજાને મિચ્છામિ દુક્કડમ કહી ક્ષમાપના કરી હતી. આઠ અને સોળ ઉપવાસવાળા તપસ્વી બહેનોનું બહુમાન કરાયું. 'મિલે સૂર મેરા તુમ્હારા' અંતર્ગત રૂપાબેન ગડા દ્વારા અંતાક્ષરી રમાડવામાં આવી હતી. ગમ્મત સાથે મોજ અને મનોરંજન કરાવતું તેમનું આ આયોજન સૌને ગમ્યું હતું. ૬૦ સભ્ય બહેનોની ઉપસ્થિતિ હતી. ગત વર્ષના સભ્યોને વાર્ષિક ગિફ્ટ અપાઈ હતી. છેલ્લે અલ્પાહારને ન્યાય આપી આનંદ ભર્યા માહોલમાં સૌ છૂટા પડ્યાં હતા.

# અચલગચ્છીય પંચાગ માટે અચલગચ્છીય જિનાલયોની વર્ષગાંઠ વિષે માહિતી આપવા માટેની સૂચના

શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘ દ્વારા અચલગચ્છીય પંચાગનું પ્રકાશન દર વર્ષે કરાય છે. જેમાં અચલગચ્છને લગતી બહુ ઉપયોગી માહિતી તિથિ, પર્વ અને સંઘને લગતી સંઘ શ્રાવકોને ઉપયોગી માહિતી તથા વિવિધ અચલગચ્છીય જિનાલયોની વર્ષગાંઠની તિથિઓ છાપવામાં આવે છે.

હજી ઘણા અચલગચ્છીય જિનાલયોની વર્ષગાંઠની માહિતી અખિલ ભારત વિધિપક્ષ સંઘ પાસે ન હોવાથી પંચાગમાં છાપી શકાતી નથી. શ્રી સંઘ મહાજનોના ટ્રસ્ટી અધિકારીઓને શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતાંબર જૈન સંઘ દ્વારા વિનંતી કરાઈ છે કે ૧૧ પેજની પીડીએફ ફાઈલમાં હાલમાં ઉપલબ્ધ જિનાલયોની વર્ષગાંઠ તિથિઓ અને માહિતી નથી મળીએ જિનાલયોની યાદી છે તો તે યાદી ચેક કરી આપના ત્યાંના જિનાલયની વર્ષગાંઠનો સમાવેશ ન હોય અથવા કંઈ ભૂલ રહી ગઈ હોય તો સંઘ/મહાજનના લેટરપેડ પર લખી સેક્રેટરી પ્રવીણભાઈ ટોકરશી લોડાયાને મોબાઈલ નં.૯૮૨૦૫૬૫૨૬૧ ઉપર વોટસએપ દ્વારા જણાવવા માનદ્મંત્રીઓ દ્વારા સૂચના અપાઈ છે.

# દક્ષિણ મુંબઈ સંઘમાં ૫ દિવસીય બાલ/યુવા જ્ઞાન સંસ્કાર શિબિર

તા.૨૬ ઓક્ટોબરથી તા.૩૦ ઓક્ટોબર સુધી સંપૂર્ણ મુંબઈના ૧૨ થી ૨૨ વર્ષીય બાળકો અને યુવાઓ માટે જ્ઞાન સંસ્કાર શિબિરનું આયોજન શ્રી દક્ષિણ મુંબઈ અચલગચ્છ જૈન સંઘના આંગણે દિવાળી વેકેશનની છુટ્ટીઓમાં સેન્ટ્રલ પ્લાઝા ગિરગામમાં પ.પૂ.ગણિવર્યશ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં કરાયું છે.

જીવનની સાચો અને સારો રાહ બતાડનારી જ્ઞાન સંસ્કાર શિબિરમાં ખુમારી વર્ધક જૈન વાર્તાઓ કર્મના સિધ્ધાંતના સ્પેશિયલ ક્લાસ, નવતત્વોની ઝલક વિશેષજ્ઞો દ્વારા દરરોજ પ્રેરણાત્મક પ્રવચન, સંગીતમય અષ્ટકારી પૂજા, ત્રણેય ટાઈમ સર્વે શિબિરાર્થીઓને માટે ભોજન ભક્તિ, જ્ઞાન અને ગમ્મત ભરી અલગ અલગ પ્રકારની જૈન ગેમ્સ, દરેક દિવસે વિશિષ્ટ ઈનામ અને ભેટ. દરરોજ નવી નવી હરિફાઈ સહિત જાણવા જેવી જ્ઞાનવર્ધક વાતો.

આજે જ પુત્ર, પૌત્ર, દૌહિત્ર અને તેના દોસ્તારોના નામ લખાવીને રજિસ્ટ્રેશન કરવો. પછી નહિં કહેતા કે અમારા ઘરના છોકરાઓ બાકાત રહી ગયા. રજિસ્ટ્રેશન માટે સંપર્ક ૯૮૧૯૬૫૬૫૧૯.

# માંડવી સંઘના આંગણે ગુરૂગુણાનુવાદ સભા તેમજ ગુરૂપૂજાનું આયોજન કરાયું





કચ્છના બંદરીય શહેર માંડવી નગરના આંગણે તા.૨૪ સપ્ટેમ્બર શનિવારે ચાતુર્માસ બિરાજમાન ગુરૂ ગુણોદય કૃપા પાત્ર ગણિવર્ય શ્રી રાજરત્નસાગરજી મ.સા., પ.પૂ.મુનિરાજશ્રી હિતવર્ધનસાગરજી મ.સા., પ.પૂ.મુનિરાજશ્રી પ્રિયંકરસાગરજી મ.સા., પ.પૂ.મુનિરાજ શ્રી ભાગ્યોદયસાગરજી મ.સા. આદિઠાણાની નિશ્રામાં યુગ પ્રભાવક, ગચ્છ દિવાકર, તીર્થ પ્રભાવક, વિધ્ધવર્ય ઉગ્ર વિહારી દ્રપ વિદ્યાપક સંસ્થાપક અનેક જિનાલય ઉપાશ્રયોના પ્રેરણા દાતા, મુંબઈથી શિખરજી, શિખરજીથી પાલિતાણા આદિ અનેક છ'રી સંઘોના પ્રેરણા અને નિશ્રા દાતા, તપોનિધિ કવિવર્ય, ૭૨ જિનાલય અને ૨૦ જિનાલયના પ્રેરણાદાતા, દીક્ષા દાનેશ્વરી, તીર્થોધ્ધારક, જૈન એકતાના પ્રખર હિમાયતી ભારત દિવાકર, રાષ્ટ્રસંત શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ની પુણ્યતિથિ નિમિત્તે ગુરૂ ગુણાનુવાદ સભા તેમજ ગુરૂપૂજનનું આયોજન પૂજ્ય ભાવ સહિત કરવામાં આવેલ.

# મુલુંડ ઈસ્ટ સંઘમાં અચલગચ્છાધિપતિ આ.ભ.મ.સા.ની ૩૪મી પુણ્યતિથિ દિને જીવન ઝરમર નાટિકાની રજૂઆત કરાઈ







મુલુંડ ઈસ્ટ સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી કિર્તનગુણાશ્રીજી મ.સા. આદિઠાણા ૨ની નિશ્રામાં તા.૨૪ સપ્ટેમ્બર શનિવાર દિને અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ની ૩૪મી પુણ્યતિથિ નિમિત્તે સાહેબના જીવન ઝરમર દર્શાવતી નાટિકાની રજૂઆત કરવામાં આવી હતી.

# શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ ગુરૂદેવ પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ની દુર્લભ વિવિધ પ્રતિકૃતિઓની આછેરી ઝલક



# શ્રી શત્રુંજય મહાતીર્થે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.મ.સા.ની ૩૪મી પુણ્યતિથિએ ગુરૂગુણ પૂજા ભણાવાઈ









શાશ્વતા શ્રી શત્રુંજય મહાતીર્થે અચલ ચાતુર્માસોત્સવ શ્રી આર્યરક્ષિત જૈન ધર્મરક્ષક સંઘ આયોજિત શ્રી સિધ્ધાચલ ગુણકલા સિનિયર સિટીઝન તળેટી બાબુ દેરાસર ૯૯ યાત્રામાં અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની પાવન સભર નિશ્રામાં તા.૨૪ સપ્ટેમ્બર શનિવારના શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ની ૩૪મી પુણ્યતિથિએ ગુરૂગુણ પુજા ભણાવામાં આવેલ. વિવિધ સંઘોની પધરામણી સારી સંખ્યામાં ચાલુ છે.

# હૈદ્રાબાદ સંઘમાં અનંત લબ્ધિ નિધાન શ્રી ગૌતમસ્વામિ મંત્ર સાધના અનુષ્ઠાન થયા





તેલંગણા રાજ્યની રાજધાની હૈદ્રાબાદ નગરમાં પ.પૂ.સાધ્વીશ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં શ્રી ચૈતન્યપુરી અચલગચ્છ જૈન સંઘ આયોજિત તથા યુવા વિધિકાર ડૉ. હર્ષભાઈ દેઢિયાના સંગીતમય સંગે અનંત લબ્ધિ નિધાન શ્રી ગૌતમ સ્વામિ મંત્ર સાધના અનુષ્ઠાનનું ભવ્ય આયોજન ધર્મમય માહોલમાં સંપન્ન થયેલ.

# શ્રી ચેમ્બુર સંઘ મધ્યે સરસ્વતી દેવીના પૂજનની ધર્મ આરાધના કરાઈ




શ્રી ચેમ્બુર અચલગચ્છ જૈન સંઘમાં રવિવાર, તા.૨૫ સપ્ટેમ્બર રોજ પ.પૂ.સાધ્વીશ્રી હિરણ્યગુણાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં સરસ્વતી દેવી પૂજનનું ધર્મમય આયોજન ભવ્ય ભાવ સાથે કરવામાં આવ્યું.

# યવતમાલ સંઘમાં મહારાજ સાહેબની પુણ્યતિથિ નિમિત્તે આંયબિલ એકાસણા આરાધના તથા નવગ્રહ અનુષ્ઠાન આયોજન થયા




શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રી સંઘ યવતમાલમાં પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ની પાવનકારી નિશ્રામાં શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ની ૩૪મી પુણ્યતિથિ તેમજ શાંત મૂર્તિ સાધ્વી મુખ્યા પ.પૂ.શ્રી નિરંજનાશ્રીજી મ.સા.ની ૧૪ મી પુણ્યતિથિ નિમિત્તે આયંબિલ એકાસણાની આરાધના તથા તા.૨૫ સપ્ટેમ્બર રવિવારના દિને નવગ્રહ અનુષ્ઠાનનું ધર્મમય આયોજન કરવામાં આવેલ હતું.

# ડોંબિવલી સંઘમાં મહાપૂજા સાથે વિવિધ ધર્મ આરાધનાઓ થઈ




શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીમાં મારા પ્રભુનો દિવ્ય દરબાર અંતર્ગત મહાપૂજાનો ભવ્યાતિ ભવ્ય આયોજન તા.૨૫ સપ્ટેમ્બર રવિવારના કરાયું. ઝગમગતા તારલામાં શોભતું દિવ્ય જિનાલય ભવ્યાતિભવ્ય પ્રભુજીની આંગી, સંપ્રતિ મહારાજની દ્વારા મહાપૂજાનું ઉદ્ઘાટન, વિવિધ રંગોળીઓ, શાસન સમ્રાટ ભારત દિવાકર કલિકાળ કલ્પતરૂ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.નું લાઈવ જીવન દર્શન સંઘની પાઠશાળાના બાળકો દ્વારા લાઈવ ડ્રામા અને અન્ય ઘણું બધું જોવા પધારેલ હજારોની સંખ્યામાં પધાર્યા તેમને માણવા મળ્યું.

# શ્રી સાંગલી સંઘમાં શ્રી શત્રુંજય તિર્થાધિરાજના ૧૬ ઉધ્ધારનો ભવ્ય કાર્યક્રમ થયો





શ્રી સાંગલી સંઘમાં પ.પૂ.સાધ્વી ડૉ.શ્રી હર્ષનિધિશ્રીજી મ.સા. અને પ.પૂ.સાધ્વીશ્રી શ્રેયસ્કરાશ્રીજી મ.સા.ની નિશ્રામાં તા.૨૫ સપ્ટેમ્બર રવિવારના દિને શંત્રુજ્ય તીર્થાધિરાજના ૧૬ ઉધ્ધારનો ભવ્ય કાર્યક્રમ થયો. જેનો ૧.૧૦ કલાકનો યુટ્યૂબ વિડીયો લિંક https://youtube.com/watch?v=_fVqQ4U4ObE&feature=share ઉપર ક્લિક કરી ઘર બેઠા પ્રત્યક્ષ લાઈવ માણી શકશો.

# અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘની નવી ટર્મ માટેની ચૂંટણીની જાહેરાત

શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતાંબર જૈન સંઘની નવી ટર્મ સંવત ૨૦૭૯ થી ૨૦૮૧ સુધીના ત્રણ વર્ષ માટે બંધારણના ૧૪ ટ્રસ્ટીઓ તથા વ્યવસ્થાપક સમિતિના ૧૯ સભ્યોની ચૂંટણી તા.૨૭ નવેમ્બર રવિવારના સવારના ૧૦ થી ૫ દરમ્યાન કરવામાં આવશે.

ઉમેદવારી પત્રક આપવાનો પ્રારંભ તા.૧૦ ઓક્ટોબર સોમવારથી થશે. ઉમેદવારી પત્રક ભરીને પરત આપવાનો છેલ્લો દિવસ ગુરૂવાર તા.૨૬ ઓક્ટોબર સાંજે ૫ સુધી ઉમેદવારી પાછી ખેંચવાનો છેલ્લો દિવસ શુક્રવાર તા.૧૧ નવેમ્બર સાંજે ૫ સુધી. ચૂંટણીનું પરિણામ ચૂંટણીના દિવસે જ ચૂંટણીનો સમય પત્યા બાદ મત ગણતરી કરી જાહેર કરવામાં આવશે.

સંસ્થાના બંધારણ અનુસાર સામાન્ય સભ્યો સિવાય તમામ શ્રેણીમાં તા.૩ ઓક્ટોબર સુધી નોંધાયેલ સભ્યો જ ટ્રસ્ટી તથા વ્યવસ્થાપક સમિતિની ચૂંટણીમાં ભાગ લઈ શકશે તથા મતદાન કરી શકશે. જે સભ્યોના સરનામા તથા ફોન નંબર બદલાયા હોય તેમણે સંસ્થામાં જાણવા કરવા વિનંતી. કાર્યાલય સમય બપોરે ૧૨ થી ૫. ચૂંટણીના સ્થળની માહિતી આગામી જાહેર ખબર દ્વારા જાહેર કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આ મુજબની સૂચના ચૂંટણી સમિતિ વતી સોલીસીટર શ્રી હરખચંદભાઈ કુંવરજી ગડા, બાડા, સીએ શ્રી નવીનભાઈ પ્રેમજી દેઢિયા ગઢશીશા તથા શ્રી ડોલર પ્રતાપ શાહ લોડાયા-સુથરી દ્વારા અપાઈ છે.

# કોઠારા સંઘમાં અચલગચ્છાધિપતિ મ.સા.ની ૩૪મી પુણ્યતિથિ નિમિત્તે ૧૦૮ ઉવસ્સગહરમના અખંડ ધારા અભિષેક કરાયા





અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની ૩૪મી પુણ્યતિથિ નિમિત્તે તા.૨૬ સપ્ટેમ્બર સોમવાર દિને અબડાસા પ્રદેશના કોઠારા નગર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી જગતત્યાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં ૧૦૮ ઉવસ્સગહરમના અખંડ ધારા અભિષેક અદ્‌ભૂત ધર્મ ભાવ સાથે કરવામાં આવ્યા.

# સંજીવની કેસ નં.૮૭ માટે રૂા.૬૪ હજાર મદદ માટેની ટહેલ

Samast Mahajan, Sanjivani Initiative

**CASE No.: 87**

## DONATION NEEDED!

**Mr. HIRACHAND PADAMSHI LODAYA**

**Age: 58 - Ambernath-Kothara**

**Got Admitted due to Emergency in Surekha Criticare Hospital at Ulhasnagar. Diagnosed with Acute Myocardial Infarct.**




**DONATION REQUIRED**

**Rs.64,000**

**Bank Details:**
**Name:** Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
**Bank :** Bank of Baroda    Branch : Mulund (West)
**A/c.: 99630100021765**
**IFSC: BARB0DBMULW**    **MICR : 400012272**

**Shri Samast KDO Jain Mahajan Medical Committee**

**80G Registration number AANTS1160JF20212**

**Avail tax benefit under section 80G.**
*Submit Aadhar & Pan card Copy.
**In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851**

૫૮ વર્ષીય હીરાચંદ પદમશી લોડાયા કોઠારાના સંબરનાથમાં પત્ની અને પુત્ર સાથે રહે છે. હાલે તેઓ સુરેખા ક્રિટીકેર હોસ્પિટલ ઉલ્હાસનગરમાં અર્જન્સીને લીધે છાતીમાં દુખાવાની તકલીફને લીધે ભરતી થયાછે. અતિ તીવ્ર મ્યોકાર્ડિયલ ઈન્ફાક્ટ MIનું નિદાન ડોક્ટરોએ કરેલ.

શ્રી હીરાચંદભાઈ લોડાયા છેલ્લાં ઘણા મહિનાથી તબિયતની અસ્વસ્થતાને લીધે નોકરી નથી કરતા. તેમની પત્ની રોડલાઈન્સમાં નજીવો પગાર રળે છે. પુત્ર ફાર્મા કું.માં ઓછો પગાર રળે છે. પરિવારને કોઈ મેડિક્લેમ સપોર્ટ નથી કે નથી કોઈ બચત તેમના ઈલાજ માટે ડોક્ટર દ્વારા રૂા.૬૪ હજારનો અંદાજિત ખર્ચ હોવાનું અપાયું છે.

ઓચિંતી આપદામાં સપડાયેલ જ્ઞાતિ બાંધવની વહારે હાલે ચાલતા માતાજીના શક્તિ પર્વ તહેવારોમાં તેમને તાત્કાલિક મદદ કરી સધિયારો આપીએ એ સમયની માંગ છે. મેડિકલ સમિતિને અપાતું અનુદાન ૮૦જી અંતર્ગત કરમુક્ત છે. જે માટે દાતાએ પેનકાર્ડ અને આધારકાર્ડની નકલ આપવી જરૂરી છે.

# શ્રી ક.દ.ઓ.જૈન પશ્ચિમ એકમ દ્વારા યુવિકા કોન્કલવનું આયોજન

yuvika conclave
YOGA - RELIGION - LEADERSHIP - CAREER

**તા. ૦૧-૧૧-૨૨, મંગળવાર થી તા. ૦૪-૧૧-૨૨, શુક્રવાર**

**સ્થળ: માતુશ્રી રતનબેન કાંતિલાલ મોતા કેડીઓ ભવન, વડોદરા**

**વય મર્યાદા : ૧૨ વર્ષ થી 30 વર્ષ સુધીની કન્યા (પરણિત- અપરણિત)**

## પ્રવેશ પત્ર

નામ: ____________________

જન્મ તારીખ: ____________ ઉમર: ____________

કચ્છ ગામ: ____________________

હાલનું સરનામું: ____________________

મોબાઈલ નં માતા-પિતા ____________ શિબિરાર્થી ____________

ધાર્મિક અભ્યાસ ____________________

સ્કૂલ-કોલેજ અભ્યાસ ____________________

અગાઉ શિબિરમાં ગયા છો? હા ______ ના ______ કેટલી વખત ____________

ધાર્મિક આરાધનામાં શુ કર્યું છે ____________________

તમારા શોખ ____________________

**જિંદગીના પાયાનું ઘડતર કરવા માં ભાગ લેવા તમારી લાડકવાયી દીકરી ને અવશ્ય મોકલશોજી.**

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન પશ્ચિમ એકમ દ્વારા તા.૧ નવેમ્બર મંગળવારથી તા.૪ નવેમ્બર શુક્રવાર સુધી માતુશ્રી રતનબેન કાંતિલાલ મોતા કેડીઓ ભવન વડોદરા મધે વર્ષ ૧૨ થી 30 વર્ષ સુધીની પરણિત અપરણિત બહેનો માટે યુવિકા કોન્કલેવનું અનોખું આયોજન કરાયું છે. જેમાં યુવા કન્યાઓ યોગ-ઓલ્ટરનેટિવ મેડિકલ થેરપી, ધર્મ, પ્રત્યેનો પ્રેમ સરળ રીતે અપનાવી શકાય તેવી પધ્ધતિ શીખવા મળશે. લીડરશીપ જેમાં જીવનમાં વિવિધ ક્ષેત્રે સફળતા મેળવવાની ચાવી જાણવા મળશે અને કેરિયર જેમાં જ્ઞાન સાથે ગમ્મત, નારી શક્તિકરણની દિશામાં માર્ગદર્શન.

વધુ વિગત માટે સંપર્ક સંકલન કર્તા રાજેશ ધરમશી અમદાવાદ-૯૮૨૫૦૩૮૮૯૫, ચંદ્રેશ નાગડા વડોદરા-૯૯૦૯૦૯૯૨૫૦, નરેન્દ્ર મોમાયા, વડોદરા-૯૮૭૯૯૧૩૩૭૭.

આ કોન્કલવમાં ભાગ લેવા ઈચ્છતી કન્યાઓએ પ્રવેશ પત્ર ભરીને સંકલન કર્તાને વોટસએપ દ્વારા મોકલવા ફોર્મ સાથે રૂ.૫૦૦ મોકલવાના રહેશે. જે ભાગ લેનારને યુવિકા કોન્કલવ પૂર્ણ થયા બાદ પરત આપવામાં આવશે. તમારી સાથે પૂજાની જોડ, બટવો ચણિયાચોળી, માથા ઉપર ઓઢવાનો દુપટ્ટો, સામયિકના ઉપકરણો આવશ્યક દવાઓ સાથે લાવવાની રહેશે. ખાસ વિનંતી કે મર્યાદાવાળા પહેરવેશ કાર્યક્રમ દરમ્યાન પહેરવાના રહેશે. આગમન તા.૩૧ ઓક્ટોબર સાંજના ૫ કલાકે થી તા.૧ નવેમ્બર સવારના ૯ સુધીમાં થઈ જવું જોઈએ. સેમિનારના બધા નિયમોનું ચૂસ્ત પાલન જરૂરી રહેશે.

પેમેન્ટ ડિટેઈલ એકાઉન્ટ નામ શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન પશ્ચિમ એકમ A/c નં. ૫૨ ૬૯૨૦૧૧૦૯૨૯૩૨. બેંક પંજાબ નેશનલ બેંક IFS Code PUNB0526910

# શ્રી આદિ ઘંટાકર્ણ ભક્તિ મંડળ આયોજિત શ્રી શંત્રુજય ગિરીરાજ તીર્થથી શ્રી ગિરનાર તીર્થ છ'રી પાલિત સંઘનું આયોજન

શનિવાર, તા.૨૪ ડિસેમ્બરથી શુક્રવાર, તા.૬ જાન્યુઆરી ૨૦૨૩ સુધી અચલશાશ્વત સંઘોત્સવ અંતર્ગત શ્રી શંત્રુજય ગિરીરાજથઈ શ્રી ગિરનાર તીર્થ છ'રી પાલિત સંઘનું આયોજન કરાયું છે. તા.૨૩ ડિસેમ્બર પાલીતાણા પ્રવેશ અને ગિરનાર પ્રવેશ તા.૬ જાન્યુઆરી ૨૦૨૩ તથા સંઘ માલા અર્પણ તા.૭ જાન્યુઆરી ૨૦૨૩ શનિવારના કરાશે. આ સંઘમાં જોડાવવાનું આમંત્રણ સંઘપતિ પરિવાર સંઘમાતા ભારતીબેન ભાગચંદ દામજી જૈન હ. હીના જયેશ જૈન, હીના પ્રજ્ઞેશ જૈન, બિજલ લોકેશ જૈન, પ્રિયા, કરણ, જુગલ, લક્ષિત, સૌમ્ય જૈન અને સમસ્ત જૈન પરિવાર તરફથી છે. આવનારની સગવડતા સાચવવામાં સુગમતા રહે એ કાજે અગાઉથી સંખ્યા સહિત જાણકારી આપવા વિનંતી કરાઈ છે.




સંઘયાત્રાના દૈનિક કાર્યક્રમમાં પ્રાતઃ સવારે ૪.૩૦ કલાકે પ્રતિક્રમણ, ૫.૪૫ વાગે સામૂહિક ચૈત્યવંદન તથા ભક્તમાર પાઠ, સવારે ૬.૧૫ સંઘ પ્રસ્થાન સવારે ૮.૩૦ કલાકે આગળના પડાવમાં પ્રવેશ, સોમૈયો તથા માંગલિક, ૯.૩૦ કલાકેથી ૧૧.૩૦ સુધી સ્નાત્ર પૂજા, જિનપૂજા, બપોરે ૨.૩૦ વાગે પ્રવચન, સાંજે ૬.૧૫ કલાકે સંધ્યા ભક્તિ, ૭.૧૫ વાગે પ્રતિક્રમણ, રાતે ૮ કલાકે કુમારપાલ રાજાકૃત મહાઆરતી તથા પ્રભુ ભક્તિ ભાવના.

મુહૂર્ત પ્રદાતા પાવનકારી નિશ્રા સૂરિમંત્ર પંચ પ્રસ્થાનારાધક સાહિત્ય સમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. મંગલમયી નિશ્રા ગુરૂગુણ કૃપા પાત્ર, કચ્છ કોહિનુર પ.પૂ.ગણિવર્યશ્રી કમલપ્રભસાગરજી મ.સા. આદિ વિશાળ શ્રમણ શ્રમણીવૃંદ.

યાત્રિક આવેદન પત્ર ભરી ૨ પાસપોર્ટ સાઈઝ ફોટા પાછળ પોતાનું નામ, ફોર્મ નંબર લખવા અને આધારની ઝેરોક્સ નકલ સાથે મોકલવા. આવેદન પત્રની સ્વીકૃતિ થયેથી સ્વીકૃતિ તુરંત તમારા સરનામે અથવા વોટસએપ પર મોકલાશે. સ્વીકૃતિ પ્રાપ્ત થયા પછી જ યાત્રા માટે પધારવું.

યાત્રિકોએ માટેના નિયમો આરાધકોએ પોતાની રીતે તા.૨૩ ડિસેમ્બર શુક્રવારના સવારે પાલિતાણા પહોંચવાનું રહેશે. ● યાત્રિકે પ્રત્યેક પ્રવૃત્તિ નિશ્રાદાતા ગુરૂ ભગવંતોની આજ્ઞાનુસાર કરવાની રહેશે. ● છ'રિનું સંપૂર્ણ પાલન કરવાનું રહેશે. ૧) સચિત-પરિહારી, સચિત વસ્તુઓનો ત્યાગ ૨) બ્રહ્માચારી ૩) પાદવિહારી ૪) ભૂમિ સંથારો ભૂમિ શયન ૫) એકલ આહારી-એકાઆડુ ૬) આવશ્યકકારી ● આવશ્યક ઉપકરણો તથા જરૂરી દવાઓ સાથે લાવવી. ● શાસનની શોભા વધે એવા મર્યાદા જાળવતા વસ્ત્રો પહેરવા. ● બે ટાઈમ પ્રતિક્રમણ, વિહાર કરવાનો, સ્નાત્ર મહોત્સવ, વ્યાખ્યાન, સામાયિક, સંધ્યા ભક્તિ ભાવનામાં દરેક યાત્રિકએ ફરજિયાત હાજર રહેવાનું રહેશે. આવશ્યક ક્રિયા કરવાની રહેશે. ● દરરોજ અંદાજે ૧૦ થી ૧૨ કિમીની પદયાત્રા રહેશે. ● સંઘમાં આયંબિલની વ્યવસ્થા રાખેલ છે. ● છ'રી પાલિત સંઘમાં દરેક સંઘપતિ તથા આરાધકોને વ્યવસ્થામાં સાથ સહકાર આપવા વિનંતી ● પોતાનો બિલ્લો, આઈકાર્ડ ગળામાં દેખાય એ રીતે લટકાવીને રાખવો ● પોતાની અનિવાર્ય જરૂરિયાતની દવાઓ બેટરી ટોર્ચ સાથે રાખવી.

છ'રી પાલિત સંઘમાં જોડાવવા માગતા શ્રાવક શ્રાવિકોને વિનંતી કે પોતાના ફોર્મ તા.૫ ઓક્ટોબર બુધવાર સુધી ભરીને શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ, મુંબઈ. કિરણ લાલજી દંડ-૯૮૩૩૮૦૮૨૪૪નો સંપર્ક કરી મોકલી આપવા ફોર્મ વહેલો તે પહેલોના ધોરણે લેવામાં આવશે. સંપર્ક સૂત્ર વિવેક નાહર-૯૪૪૪૦૬૯૪૬૧, નરેશભાઈ શાહ-૯૯૪૦૧૨૨૪૪૩, સુરેશ બાફના-૯૮૮૪૦૨૨૧૬૨, સંજય ભંડારી-૯૩૨૫૦૧૧૧૧૧.

# શ્રી શંત્રુજય મહાતીર્થે સિનિયર સિટીઝન તળેટી બાબુ દેરાસર ૯૯ યાત્રામાં અચલગચ્છાધિપતિ મ.સા.ની ૩૪ પુણ્યતિથિએ ભક્તામર મહાપૂજન કરાયું





શાશ્વતા શ્રી શત્રુંજ્ય મહાતીર્થે અચલ ચાતુર્માસોત્સવ શ્રી આર્યરક્ષિત જૈન ધર્મરક્ષક સંઘ આયોજિત શ્રી સિધ્ધાચલ ગુણકલા સિનિયર સિટીઝન તળેટી બાબુ દેરાસર ૯૯ યાત્રામાં અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મહારાજાની નિશ્રામાં તા.૨૬ સપ્ટેમ્બર સોમવારના શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ની ૩૪મી પુણ્યતિથિએ ત્રિહાન્હિકા મહોત્સવ અંતર્ગત ત્રીજા દિવસે ભક્તામર પૂજન વિધિકાર ચિરાગ સંગોઈ સંગાથે કરવામાં આવેલ.

# બોમ્બે ગુડસ ટ્રાન્સપોર્ટ એસોસિએશનના ખજાનચી અને જોઈન્ટ સેક્રેટરી પદે કે.ડી.ઓ. જ્ઞાતિજનની વરણી






શ્રી નિપેશ હીરાચંદ અરજણ પટેલ-લોડાયા નવી મુંબઈની વરણી ધી બોમ્બે ગુડસ ટ્રાન્સપોર્ટ એસોસિએશનના જોઈન્ટ સેક્રેટરી તરીકે વરણી થઈ છે. નિલેશ રોડ લાઈન્સ કું ના સંચાલક શ્રી નિપેશભાઈ મુંબઈ મહાજનના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી હીરાચંદ અરજણ પટેલ-લોડાયાના પુત્ર છે તેમજ ગીરનાર ટ્રાન્સપોર્ટ વાળા ચીમનભાઈના સુપુત્ર નયનભાઈ ખોનાની ખજાનચી પદ વરણી માટે સમસ્ત જ્ઞાતિ મહાજન તરફથી અભિનંદન અને ભવિષ્યની કારકિર્દી માટે શુભેચ્છા.

# શ્રી વિમલ ભક્તિ ગ્રુપ વડોદરા દ્વારા બે દિવસીય યાત્રા પ્રવાસ યોજાયો

શ્રી વિમલ ભક્તિ ગ્રુપ દ્વારયા વીસ વિહરમાન શ્રી સિમંધર સ્વામીની વીસ મહિનાની ભક્તિ પૂર્ણ થવા નિમિત્તે બે દિવસીય યાત્રા પ્રવાસ યોજાયો. જેમાં પ્રથમ દિવસે આગલોડ મહુડી પિરામીડ મંદિર, જહાજ મંદિર, વીજાપુર દર્શન કરી રાત્રિ રોકાણ મહેસાણમાં કરેલ. દ્વિતીય દિવસે સવારે સિમંધર સ્વામીના દર્શન પૂજા, સ્નાત્ર પૂજા ભણાવી, સાંજના વડનગર, તારંગા દર્શન કરી રાત્રે વડોદરા પરત ફરેલ. ૪૮ યાત્રિકો સહર્ષ ઉલ્લાસભેર યાત્રામાં સહભાગી થઈ સહકાર આપ્યો હતો.

# સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિમાં પાલક તરીકે સામેલ થનારા દાતાઓની અનુમોદના

કંડીઓ દિવ્યાંગ પાલક

**શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન**

**"આવો એક થઈએ સમાજ આગળ ધપાવીએ"**

દિવ્યાંગોને સાચી રીતે જ શારીરિક તથા માનસિક પડકાર ઝીલનાર કહેવાયા છે. નિયતી અને ઈશ્વરે આપેલા આ પડકારને તેઓ હસતા મુખે ઝીલી શકે તેવા પ્રયત્નો કરવાએ ઈશ્વરની આરાધના સમાન છે. આ દિવ્યાંગો પ્રત્યે માત્ર સહાનુભૂતિ દર્શાવવાની નહીં, પરંતુ તેઓ સામાન્ય માનવીઓની જેમ જ સર્વાંગી વિકાસ સાધી શકે તેની પ્રત્યેક પ્રગતિશીલ સમાજની જવાબદારી છે.



## શ્રીમતી મીરા પ્રેમચંદભાઈ મોતા

કચ્છ - કુવાપધ્ધર, કલકત્તા

## દિવ્યાંગ પાલક

**Rs. 50,000**

એક દિવ્યાંગ એક વર્ષ માટે દત્તક

**હાર્દિક અભિનંદન, ભૂરી ભૂરી અનુમોદના**

સમસ્ત શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની વિવિધ સમિતિઓ પોતાના સકાર્ય દ્વારા જ્ઞાતિ સમાજની અદ્ભૂત ભાવે સેવા કરી રહી છે. દરેક સમિતિઓની વિવિધ યોજનાઓનો લાભ નબળા, જરૂરિયાતવાળા જ્ઞાતિઓને યર્થાથ રીતે મળી રહ્યો છે.

કુદરતની અધૂરી કૃપા પામેલા શારીરિક તેમજ માનસિક રીતે અવિકસીત અંગ છતાં જોમ જુસ્સો અને સંકલ્પ બળથી જીવી રહેલા જ્ઞાતિ દિવ્યાંગજનોની હિંમત સૌને માટે પ્રેરણા આપે એવી હોય છે. પ્રકૃતિનો પડકાર હસતા મોઢે ઝીલતા આ સાહસવીરો ને સલામ કરવી ઘટે. આ પ્રભુના પયંગબરજનોને સહાનુભૂતિ જ નહીં પણ સાથ આપવું જરૂરી હોય છે. જેથી સામાન્ય માનવીઓની જેમ તેઓ સર્વાંગી વિકાસ સાધી શકે અને પરિવારની પ્રગતિમાં પોતાનો યતકિંચિત ફાળો આપી શકે. શ્રીમતી મીરા પ્રેમચંદભાઈ મોતા કુવાપધ્ધર, કલકતા રૂા.૫૦ હજારનું ઉદાર અનુદાન આપી એક એક દિવ્યાંગને એક

# સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિમાં પાલક તરીકે સામેલ થનારા દાતાઓની અનુમોદના




વર્ષ માટે દત્તક લઈ દિવ્યાંગ પાલક તરીકે જોડાયા છે તથા શ્રી હંસાબેન શાહ નલિયા, મહાલક્ષ્મી મુંબઈ રૂા.૫૦ હજારનું ઉદાર અનુદાન આપી એક એક દિવ્યાંગને એક વર્ષ માટે દત્તક લઈ દિવ્યાંગ પાલક તરીકે જોડાયા છે. દેવી ભક્તિ અને શક્તિના તહેવારોમાં માનવતા, ઉદારતા, દયા અને કરૂણા ભાવ રાખનાર બંન્ને દાતાઓની ભાવનાની કદર કરી અનુમોદના વ્યક્ત કરીએ છીએ.

## શારદીય નવરાત્રીમાં રોજ રાત્રે ભાંડુપમાં થતી શ્રી મહાકાલી માતાજીની ભાવના





આશ્વિન માસ શુકલ પક્ષ ૧ થી દશેરા સુધી શારદીય નવરાત્રોત્સવ નિમિત્તે દરરોજ રાત્રે શ્રી આદિનાથ જિનાલય ભાંડુપના બહારના રંગ મંડપમાં શ્રી મહાકાલી માતાજીની ભાવના ભણવામાં છે.

દરરોજ આઠ જેટલા દાતા પરિવાર પોતે ઘરેથી શણગારી લાવેલ આરતીનો લાભ લે છે. રવિવારે તથા દશેરાના ભાવનાનો સમય સાંજે ૪ થી ૬નો જ્યારે અન્ય દિવસોમાં રાત્રે ૯.૩૦ થી ૧૧ કલાક સુધીનો હોય છે.

## તેરા તીર્થે આયંબિલ ઓળીના લાભાર્થી પરિવારજનોનું ઉમળકાથી સ્વાગત કરાયું



અબડાસા પંથકના તેરા નગર તીર્થે નવપદજીની આસો માસની આયંબિલ ઓળીના લાભાર્થી પરિવારજનો ૧) સૌ. નિર્મલાબેન વિનોદ ખેતશી મોતા પરિવાર કુવાપધ્ધર ૨) ગુલાબ હીરાચંદ વેલજી પટેલ પરિવાર તેરા અને ૩) સૌ. પુષ્પાબેન ભરત શીવજી પટેલ પરિવાર તેરા. આ ત્રણેય દાતા પરિવારો પોતાના એકસોથી અધિક પરિવારજનો સાથે તેરા તીર્થે પધાર્યા ત્યારે તેમનું તેરા સંઘ તરફથી ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

## સુથરી નગર સંઘમાં અચલગચ્છાધિપતિ મ.સા.ની ૩૪મી પુણ્યતિથિ દિને ગુરૂ ગુણ પૂજાનું આયોજન થયું







રાષ્ટ્રસંત ભારત દિવાકર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ની ૩૪મી પુણ્યતિથિ નિમિત્તે મુનિરાજ પ.પૂ.શ્રી મુક્તિરત્નસાગરજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી મહાયશાશ્રીજી મ.સા.ની નિશ્રામાં કચ્છ પ્રાંતના અબડાસા વિભાગમાં સુથરી સંઘમાં અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ની પૂજા સંગીતકાર કિશોરભાઈ સંધાર પાર્ટીના સંગાથે અનન્ય ધર્મ ભાવ સાથે ભણાવવામાં આવેલ.

## શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિ પક્ષ) શ્વેતાંબર જૈન સંઘની ચૂંટણી સમિતિમાં શ્રી ડોલરભાઈ શાહ-લોડાયાનો સમાવેશ કરાયો

તા.૨૭ નવેમ્બર રવિવારના રોજે યોજાનારી શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘે બંધારણ અનુસાર ૧૪ ટ્રસ્ટીઓ તથા ૧૯ વ્યવસ્થાપક સભ્યોની ચૂંટણી યોજાશે. આ ચૂંટણી સમિતિમાં ત્રણ નિયામકો ચૂંટણી અધિકારીઓની નિમણુંક કરાઈ છે. જેમાં શ્રી ડોલરભાઈ પ્રતાપ ગોવિંદજી શાહ લોડાયા, સુથરી-મુલુંડનો સમાવેશ કરાયો છે.


Sure Safety
Complete Safety Solutions
ONE STOP SAFETY
SOLUTION PROVIDER
ALL INDIA DEALERS WANTED
Drive your growth with India's
biggest PPE brand SAVIOUR
Freedom Helmet
Saviour
Electric
Arc Suit
Saviour
Safety
Harness
Saviour
Foldable
Ear Muffs
Di-electric Boots
Saviour
Work-wear
Cotton
Coverall
Saviour
Safety
Glasses
Flash
Lights
Saviour 'PRO' BA Set
with Composite Cylinder
Saviour Chem
Pro Gloves
N95 Mask
Saviour Lion
Safety Shoes
We manufacture India's biggest &
most trusted PPE brand SAVIOUR
Reliable | Transparent | Assured Guarantee
SAVIOUR
Performing PPE
Contact: + 91 8511495152 | sales@suresafety.com | www.suresafety.com

# ભાવભીની શ્રદ્ધાંજલિ




નવલબેન લાપસીયા
તા.૧૪ સપ્ટે. (ઉ.૮૨)
સુથરી-જલગામ




કાંતાબેન ખોના
તા. ૧૬ સપ્ટે. (ઉ.૭૬)
ખાવડી-ભાંડુપ



મેહુલ મોતા
તા.૧૭ સપ્ટે. (ઉ.૪૪)
વરાડીયા-કાંજુરમાર્ગ



કાંતિલાલ વિક્રમશી
તા.૧૮ સપ્ટે. (ઉ.૬૯)
જખૌ-મુલુંડ



મણીકાંત ધરમશી
તા.૨૦ સપ્ટે. (ઉ.૭૪)
(કોઠારા-મુલુંડ)



કમલેશ મોતા
તા.૨૨ સપ્ટે. (ઉ.૪૯)
(રાપર ગઢવારી-સાંગલી)



જયા પાલાણી
તા.૨૪ સપ્ટે. (ઉ.૭૪)
(કોઠારા-મુંબઈ)




વિમલા લોડાયા
તા.૨૫ સપ્ટે. (ઉ.૭૯)
(સાંયરા-મુલુંડ)



ચંદનબેન નાગડા
તા.૨૫ સપ્ટે. (ઉ.૮૨)
(તેરા-નાંદેડ)



હસુમતી દંડ
તા.૨૬ સપ્ટે. (ઉ.૬૦)
(લાલા-અમદાવાદ)



નરેંદ્ર લાપસીયા
તા.૨૭ સપ્ટે. (ઉ.૭૫)
(દલતુંગી-બેંગલોર)



નરેન્દ્ર દંડ
તા.૩૦ સપ્ટે. (ઉ.૭૭)
(સેવક ભરૂડીયા-કોચીન)

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● કચ્છના છેવાડે સરહદ વિસ્તારમાં આવેલા હાજીપીર વિસ્તારમાં જ્યાં વાહનો પણ મુશ્કેલીથી જઈ ચડે છે એવા દુર્ગમ અને છેવાડાના ગામોમાં પચ્ચીસ કિમી ચાલીને હાજીપીર સબ સેન્ટરના કમ્યુનિટી હેલ્થ ઓફિસર પિન્કી પટેલ ત્રણ દિવસ સુધી કામગીરી કરીને છ ગામોના ૭૦ જેટલા બાળકોને પોલિયો રસીના બે ટીપાં પીવડાવ્યા અને ફરજ પૂરી કર્યાનો આત્મસંતોષ માન્યો હતો. મોટા ભીટારા, નાના ભીટારા, મોટા લુણા, નાના લુણા, બુરકલ, ગારવાંઢ વિગેરે ગામોમાં ચાલતાં જઈ કોઈને કોઈ કારણોસર રસી લેવાનું ટાળતા બાળકોના તેમના પરિવારને સમજાવી બાળકોને પોલિયોની રસી પીવડાવી હતી.

● કેનેડા ખાતે ૬૪મી કોમનવેલ્થ પાર્લામેન્ટરી એસોસિએશન આયોજિત કોન્ફરન્સમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ વિધાનસભ્ય અધ્યક્ષ ડૉ.નીમાબેન આચાર્ય એ કર્યું હતું. કોન્ફરન્સમાં વિશ્વના અન્ય દેશોના લોકસભા અને વિધાનસભાના સ્પીકર્સ અને મહિલા પ્રતિનિધિઓ સાથે તેમણે લોકશાહી વ્યવસ્થાનું સંચાલન અંગે વિચાર વિમર્શ કર્યો હતો.

● ભુજમાં નવનિર્માણ સ્મૃતિવનમાં અંજાર સચ્ચિદાનંદ સંપ્રદાયના ગાદીપતિ મહંત ત્રિકમદાસ મહારાજ દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાથે ગોવર્ધન પર્વત પર લહેરાતા લીલાછમ વિવિધ વૃક્ષોથી ભુજિયા ડુંગરને લીલોછમ બનાવવાની ઈચ્છા વ્યક્ત કરતાં મહારાજે તરત જ આ વાતનો સ્વીકાર કર્યો હતો. સ્મૃતિવનના નિર્માણ માટે નક્કી કરાયેલ ૨૦ એકરના ચાર ઝોન પૈકીના નં.૨ ઝોનમાં ૨૦ એકરમાં આઠ હજાર વૃક્ષોનું વાવેતર ૨૫ લાખ રૂ.ના સ્વખર્ચે કરી જતનપૂર્વક મોટા કર્યા છે. વૃક્ષોમાં લીંબડો, કરંજ, કણીયલ, આંબળી, ગુલમહોર, શીશુ ઉમરો સહિત વૃક્ષો છે.

● કચ્છી ભાનુશાલી સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા નેરલ-નવી મુંબઈ ખાતે ૩૩ કરોડના ખર્ચે ભાનુશાલી સમાજવાડી અને નોલેજ સેન્ટરનું ઉદ્ઘાટન સંત હરિદાસ મહારાજના હસ્તે કરાયું. ૬૨ હજાર ચો.ફૂટના બાંધકામ સાથે પાંચ માળની નમૂના રૂપ મહાજનવાડી ભારતમા તેને તોલે આવે એવી કોઈ મહાજનવાડી ક્યાંય નથી. તેની સાથે તેટલા જ ખર્ચે નિર્માણ પામેલું ભાનુશાલી નોલેજ સેન્ટર-ઐરોલી હોસ્ટેલનું પણ લોકાપર્ણ કરાયું.

● કેન્દ્ર સરકારના સેન્ટ્રલ સિવિલ સર્વિસીસ કલ્ચરલ એન્ડ સ્પોર્ટસ બોર્ડ નવી દિલ્હી દ્વારા દર વર્ષે અખિલ ભારતીય મુલકી સેવા રમત સ્પર્ધા યોજાય છે. જેમાં રાજ્ય સરકારના અધિકારીઓ ભાગ લે છે. ગાંધીનગરમાં વર્ષ ૨૨-૨૩ની ત્રિદિવસીય રાજ્ય સ્તરે યોજાયેલી ચેસ સ્પર્ધામાં ભુજની હેડ કવાર્ટર શાળા નંબર ૭ના શિક્ષિકા જયશ્રીબેન ચૈતન્ય આર્ય વિજેતા થયા. હવે તેઓ આગામી સમયમાં રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે.

● કચ્છ લોકસભા પરિવાર દ્વારા તુલસીના ૨૭૮૨ રોપાથી કમળની પ્રતિકૃતિ બનાવી વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત કર્યો હતો. કચ્છના સાંસદ અને ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી વિનોદભાઈ ચાવડા દ્વારા આયોજિત તુલસીના રોપાથી કમળની કૃતિ બનાવાઈ તેનું વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયા ટીમએ નિરીક્ષણ કરીને નિર્ણાયકો મિલન સોની અને દેવ્યાની સોનીના હસ્તે એવોર્ડ એનાયત કરાયો હતો.

● યુ.પી.ના નોઈડા શહેરમાં બહુમાળી ટ્વિન ટાવર-સિયોન અને એકોક્સ વિસ્ફોટ દ્વારા માત્ર ૮ સેકન્ડમાં ધ્વંસ કરાયા. આ કામનું કોન્ટ્રેક્ટ જે કંપની હસ્તક હતું તેના વરિષ્ઠ ઈજનેર જિગર કાંતિલાલ છેડાની મહત્વની ભૂમિકા હતી. મૂળ કુંદરોડી ગામના કવીઓ જૈન સમાજના ઈજનેરની બાહોશી કામગીરીથી ૪૦ માળના ગેરકાયદેસર બાંધકામ હોવાથી કોર્ટના હુકમથી ધરાશાયી કરાયેલ.

Shri Raichand Hansraj Dharamshi
CHARITABLE TRUST

PRESENTS



# RHD UNNATI LOAN INTEREST FREE

Now Expand & Secure Your Business with Quick & Hassle free Business Loans

**LAUNCH DATE : 4TH JULY 2022**

Minimum ₹ **50000** and
Maximum upto ₹ **5 Lakhs**

ROI 9.5% p.a. will be borne by the trust.

Processing Fee of 1% on the loan amount will be borne by the trust.

The borrower will only have to pay the monthly EMI timely

In Association with

ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
Estd 1984

Head Office : GB 10A & B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai – 400 083
T : 022 25799326 / 9619486622 | F : 022 25799323

FOR ANY FURTHER DETAILS REQUEST YOU TO PLEASE CONTACT ANY OF THE BELOW MENTIONED BRANCHES

| | | | | |
|---|---|---|---|---|
| **MASJID BUNDER** 86526 30384 | **MATUNGA (CR)** 86526 30389 | **GHATKOPAR** 86526 30383 | **BHANDUP** 86526 30381 | **MULUND** 86526 30382 |
| **THANE** 86526 30388 | **DOMBIVALI** 86526 30386 | **BORIVALI** 86526 30390 | **MOHILI VILLAGE** 86526 30385 | **VASHI** 86526 30387 |

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)